# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતી બાળવિકાસ સંબંધી નિસબતો

## Concerns Regarding Child Development Derived from Children's Stories Published by Children's University


**માર્ગદર્શક**
**ડૉ. નીલેશ એસ. પંડ્યા**
**આસિસ્ટન્ટ પ્રોફેસર**
**શિક્ષણશાસ્ત્ર વિભાગ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**

**સંશોધક**
**પટેલ નેહા આર**
**(M.A., M.Ed.)**
**રિસર્ચ સ્કોલર (એમ.ફિલ)**
**શિક્ષણશાસ્ત્ર વિભાગ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**


૧.0 પ્રસ્તાવના:

સંશોધન એ પ્રગતિક ઇતિહાસનું પરિબળ છે, સાંસ્કૃતિક વિકાસનું રહસ્ય છે. આદિમાનવથી લઈને અવકાશયાત્રી સુધીની વિકાસયાત્રા એ સંશોધનોની જ ફલશ્રુતિ છે. પ્રત્યેક સંશોધનનું પરિણામ હોય ને હોય. ક્ષેત્રમાં પ્રગતિ ભણી દોરી જતું કદમ હોય છે. માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન પછી અહેવાલના આ પ્રકરણમાં પ્રસ્તુત સંશોધનનો સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો રજૂઆત તેમજ સંશોધન દરમિયાન પ્રયોજકે અનુભવેલ સંશોધન અવકાશોના આધારે હાથ ધરી શકાય તેવા કેટલાક ભાવિક સંશોધનો તરફ અંગુલીનિર્દેશ કર્યો છે.

### ૧.૧ શીર્ષક અને સમસ્યાકથન

**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત બાળવર્તાઓમાંથી નિષ્પન્ન થતી બાળવિકાસ સંબંધી નિસબતો**

**Concerns Regarding Child Development derived from Children's Stories Published by Children's University**

### ૧.3 અભ્યાસના હેતુઓઃ

૧. બાળવિકાસનાં સંદર્ભે બાળવાર્તાની વિભાવના સ્પષ્ટ કરવી.

૨. બાળવાર્તાનાં સંદર્ભે બાળવાર્તાનું મહત્ત્વ સ્પષ્ટ કરવું.

૩. પસંદ કરેલી બાળવાર્તાઓનું વિષયવસ્તુ વિશ્લેષણ કરવું.

૪. પસંદ કરેલી બાળવાર્તામાંથી બાળવિકાસ અંગેની નિસબતો તારવવી.

૫. પસંદ કરેલી બાવાર્તાના અભ્યાસના આધારે બાળવાર્તાની બાળવિકાસમાં ભૂમિકા અંગે માર્ગદર્શિકા તૈયાર કરવી.

૬. બાળવાર્તાનાં અભ્યાસના આધારે બાળવાર્તામાં બાળવિકાસમાં ભૂમિકા અંગે ફલિતાર્થો તારવવા.

## ૧.૪ અભ્યાસના પ્રશ્નો:

1. બાળવિકાસ એટલે શું?
2. બાળવિકાસના સંદર્ભે બાળવાર્તાઓ એટલે શું?
3. પસંદ કરેલી બાળવાર્તાઓના વિષયવસ્તુ વિશ્લેણના આધારે બળવિકાસ અંગેની કઈ-કઈ નિસબતો તારવવી ?
4. પસંદ કરેલી બાળવાર્તામાં નિષ્પન્ન થતી બાળવિકાસ અંગેની નિસબતોનો અગ્રતાક્રમ કેવો હશે ?
5. બાળવિકાસ સંદર્ભે બાળવાર્તાઓના સ્વરૂપ અને તેની ભૂમિકા અંગેની માર્ગદર્શિકા કેવી હોઈ શકે ?
6. બાળવર્તાઓમાથી નિષ્પન્ન થતી બાળવિકાસની નિસબતો અંગેના શૈક્ષણિક ફલિતાર્થો કયા કયા હશે?

## ૧.૫ વ્યાપવિશ્વ અને નિદર્શ

**1.** ભૂલકાંનો ખજાનો ભાગ-1 ૨. ભૂલકાંનો ખજાનો ભાગ-2

૩. ભૂલકાંનો ખજાનો ભાગ-3 ૪. વાર્તા.કોમ

૫. વાર્તાનો રસથાળ

## ૧.૬ સંશોધન નમૂનો:

**બાળવાર્તાઓ અંગેના વિવિધ પુસ્તકો પૈકી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત બાળવાર્તાઓના તમામપુસ્તકો પસંદ કરવામાં આવ્યા છે. આ પાંચ પુસ્તકોમાંથી પ્રત્યેક પુસ્તકમાંથી યાદચ્છિક રીતે ૧૦-૧૦ વાર્તાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. આમ કુલ ૫૦માંથી કુલ ૩૦ બાળવાર્તાઓની પસંદગી કરવામાં આવી છે. આ રીતે પસંદ કરેલ બાળવાર્તાઓની વિગતો અહેવાલના અંગે રજૂ કરી છે.**

**૧.૭ સંશોધન ક્ષેત્ર:** પ્રસ્તુત સંશોધન બાળ સાહિત્ય અને બાળવિકાસના ક્ષેત્રને સ્પર્શતું હતું.

## ૧.૮ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું સંશોધન છે અને અભ્યાસકે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરી સંશોધન હાથ ધરેલ છે.

## ૧.૯ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં વાર્તાઓની ઘટકોના આધારે વિશ્લેષણ માટે પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું.

## ૧.૧૦ માહિતીનું અર્થઘટન / પૃથક્કરણ અને વિશ્લેષણ

પ્રસ્તુત સંશોધનમાં છેલ્લાં દસ વર્ષમાં પ્રકાશિત થયેલા પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલી વિવિધ લેખકો દ્વારા પ્રસિદ્ધ થયેલી 'ભૂલકાંઓનો ખજાનો' બાળવાર્તામાંથી બાળવિકાસ સંબંધિત નિષ્પન્ન થતી નિસબતોને તારવવામાં આવી છે. અને આ વાર્તામાંથી શારીરિક, માનસિક, નૈતિક અને સામાજિક - આ ચાર ઘટકોમાં વાર્તાનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં દરેક વાર્તામાંથી તેના વાક્યો - શબ્દો - અવતરણો દરેક બાળવિકાસમાં ક્યા પાસાઓ પર અસર કરે છે તે મૂકવામાં આવ્યું છે અને તેનું ગુણાત્મક અને સંખ્યાત્મક અર્થઘટન કરી અને તેની સંયુક્ત સારણી દ્વારા દરેક વાર્તાનું પોષક તત્વ કાઢવામાં આવ્યું છે.

## ૧.૧૧ સંશોધનના તારણો

**સંશોધનના મુખ્ય તારણો** :

૧. પ્રસ્તુત સંશોધનના આધારે બાળવાર્તાની વિભાવના સંદર્ભે કહી શકાય કે બાળવાર્તાઓમાં બાળકના વિકાસ માટેની અનેક પ્રકારની નિસબતો પ્રાપ્ત થતી હોય છે. બાળવાર્તા એ બાળકના મનોજગતને આનંદની સાથે સાથે શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક અને નૈતિક વિકાસને બળ પૂરું પાડે છે. પ્રસ્તુત અભ્યાસના આધારે બાળવાર્તા અંગેની વિભાવના અંગે સ્પષ્ટપણે કહી શકાય કે બાળવાર્તા એ બાળકના વિકાસનું અગત્યનું સાધન છે. બાળકને બાળવાર્તાઓને આધારે તેના શરીર, મન, બુદ્ધિ અને સંસ્કાર સંબંધી અનેક બાબતો ખૂબ જ રસાળ શૈલીમાં સહજ રીતે મળી જાય છે જે આ અભ્યાસમાં કરવામાં આવેલા વિષયવસ્તુ વિશ્લેષણના આધારે કહી શકાય છે.

૨. **અભ્યાસના આધારે બાળવાર્તાઓ બાળવિકાસના વિભિન્ન પાસાંઓને પોષક નિસબતો પ્રાપ્ત કરી શકાઈ હતી. પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરવામાં આવેલી** બાળવાર્તાઓના ભાષાકીય વિશ્લેષણના આધારે બાળકના શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક અને

નૈતિક વિકાસને પોષક તેવી નિસબતો તારવી શકાઈ હતી. જેમાં બાળવિકાસના વિભિન્ન પાસાંઓનો નીચે પ્રમાણેનો અધિકક્રમ જોવા મળ્યો હતો.

૧. શારીરિક વિકાસ
૨. માનસિક વિકાસ
૩. નૈતિક વિકાસ
૪. સામાજિક વિકાસ

૩. બાળવાર્તાઓમાં મોટેભાગે તેમના શારીરિક વિકાસને લગતી બાબતો ભરપૂર પ્રમાણમાં રજૂ થતી હોય છે. બાળકને તેના શરીરને સમજવામાં અને તેનો ઉપયોગ કરવા સંબંધી ઘટનાઓ, ક્રિયાઓ, પ્રક્રિયાઓ, ચેષ્ટાઓ રજૂ થતી હોય છે. બાળક અત્યંત ક્રિયાશીલ હોય છે તેથી કરીને તેને એવી બાળવાર્તા વધારે વાંચવી-સાંભળવી ગમે કે જેમાં રમવાનું અને કોઈ ક્રિયા કરવાની વાત આવતી હોય. તેના કારણે પ્રસ્તુત સંશોધનમાં બાળકના શારીરિક વિકાસના પાસાંને સ્પર્શતી બાબતો વધારે પ્રાપ્ત થઈ હતી.

૪. દ્વિતીય ક્રમે માનસિક વિકાસની નિસબતો પ્રાપ્ત થઈ હતી. જેમાં બાળકના તર્ક, વિચારણા, સર્જનશીલતા, સમીક્ષાત્મક ચિંતન, સમસ્યા ઉકેલ વગેરે જેવી બાબતોની રજૂઆત બાળવાર્તાઓમાં થતી જોવા મળી હતી. આના આધારે એવું તારણ પ્રાપ્ત થાય કે બાળકની ઉંમર પ્રમાણે તેની બુદ્ધિનો વિકાસ ખૂબ જ તીવ્ર ગતિએ થતો હોય છે જેમાં બાળવાર્તા ખૂબ જ સહાયક નીવડી શકે છે.

૫. પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરેલી બાળવાર્તાઓમાંથી તૃતીય ક્રમે સામાજિક વિકાસની નિસબતો તારવી શકાઈ હતી. બાળકના સામાજિકીકરણની પ્રક્રિયાને વેગીલી કરવામાં બાળવાર્તા ભૂમિકા ભજવે છે. બાળવાર્તાઓમાં ઝિલાતું સામાજિક જીવન, સામાજિક ક્રિયાઓ, રીતરિવાજો, સામાજિક કૌશલો વગેરેનો વિકાસ બાળવાર્તાના માધ્યમથી થઈ શકે છે.

૭. આ બાળવાર્તાઓમાં બાળવિકાસને પોષક એવી ઘણી બધી નિસબતો તારવી શકાઈ હતી. જેના આધારે એમ કહી શકાય કે બાળવાર્તાઓ બાળકના વિકાસને પોષક છે.

૮. પ્રસ્તુત સંશોધનના આધારે બાળવિકાસ સંદર્ભે માતાપિતા અને બાળઉછેર અને બાળશિક્ષણ ક્ષેત્રે કાર્ય કરનાર વ્યક્તિઓ માટે માર્ગદર્શિકા તૈયાર કરી શકાઈ હતી. (મુદ્દા ક્રમાંક ૫.૪)

૯. પ્રસ્તુત સંશોધનના આધારે બાળવિકાસમાં બાળવાર્તાની ભૂમિકા અંગેના શૈક્ષણિક ફલિતાર્થો તારવવામાં આવ્યા હતા. (મુદ્દા ક્રમાંક : ૫.૫)

**સંશોધનના ગૌણ તારણો** :

૧. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની બાળવાર્તાઓના પુસ્તકોમાંથી શારીરિક વિકાસ અને માનસિક વિકાસ બંને ઘટકો સારા એવા પ્રમાણમાં નિસ્પન્ન થાય છે. બાળકના શારીરિક અને માનસિક વિકાસમાં ખૂબ જ ઉપયોગી સિદ્ધ થઈ શકે તે પ્રકારની બાળવાર્તાઓ આ પુસ્તકોમાંથી મળી રહે છે.

૨. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની બાળવાર્તાઓના પુસ્તકોમાંથી સામાજિક અને સાંવેગિક વિકાસ તેમજ નૈતિક વિકાસ જેવા ઘટકો પણ ઠીક ઠીક પ્રમાણમાં નિષ્પન્ન થાય છે.

૩. આથી આના આધારે એમ સિદ્ધ થાય છે કે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત બાળવાર્તાના પુસ્તકોમાં સંપાદિત બાળવાર્તાઓ બાળકના શારીરિક, માનસિક, સામાજિક, સાંવેગિક અને નૈતિક એમ પાંચેય પાસાંના વિકાસ પર પ્રભાવ પાડી શકે તે પ્રકારની છે.

૪. આ પુસ્તકોના વાંચન અને પઠનના પરિણામે બાળકના આ પાસાંઓના વિકાસ પર વિધાયક અસર થઈ શકે છે. આથી આ પુસ્તકોમાં બાળવાર્તાઓ સાચા અર્થમાં બાળવિકાસને બહોળા પ્રમાણમાં સહાયક બની શકે તે પ્રકારની છે.

## ૧.૧૨ ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસ સંશોધનનો સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો, ભાવિ સંશોધન અંગેની ભલામણોપણ દર્શાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે,પ્રસ્તુત સંશોધનમાં તજજ્ઞો અને નિષ્ણાતોના માર્ગદર્શનને ધ્યાનમાં રાખી અભ્યાસનો અહેવાલ તૈયાર કરેલ છે. જેમાં બાળકોના જીવનમાં બાળવાર્તાઓ દ્વારા બાળકના વિકાસાના વિવિધ પાસાઓનો વિકાસ કરી શકાય છે તેની ખુબ જ સ્પષ્ટ રીતે સમજ પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.